ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૧/૦૫/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
................................,
ભાવનગર.

## બુધ પારગમનને તખ્તેશ્વર મંદિર ખાતે નિહાળતા ૧૯૦૦થી વધારે નગરજનો

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનું આયોજન

ખગોળશાસ્ત્ર માનવજાત માટે હંમેશા એક ચમત્કાર જેવો રહસ્યમય વિષય રહયો છે. અવકાશ વિજ્ઞાનને જાણવું કે સમજવું સામાન્ય વ્યકિતઓ માટે ઘણુજ મુશ્કેલ છે. તેમાં થતી તમામ ઘટનાઓ અવિસ્મરણીય અને અકલ્પનીય હોય છે. આવીજ એક ઘટના ૯મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૪:૩૦ થી ૦૭:૧૧ સુધી જોવા મળેલ. આ અનોખી ઘટનામાં બુધ ગ્રહ સુર્યની સપાટી પરથી એક કાળા ટપકાંની માફક પસાર થતો જોવા મળેલ. જે ઘટનાને બુધ ના પારગમનની ઘટના કહેવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૯મી મે, ૨૦૧૬ના રોજ તખ્તેશ્વર મંદિર ખાતે સાંજે ૪:૩૦ થી ૭:૧૧ વાગ્યા દરમ્યાન આ ઘટનાને નિહાળવા માટે ટેલિસ્કોપ પર કેમેરો જોડી ખાસ પ્રકાર ફીલ્ટર લગાવી સ્ક્રીન પર તેનું જીવંત પ્રસારણ બતાવવામાં આવેલ અને એલ. સી. ડી. પર અમદાવાદ સાયન્સ સીટી ખાતે થતા બુધ પારગમનની ઘટનાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ બતાવવામાં આવેલ. આ ઉપરાંત ઘરમાંથી મળી રહેતા સાધનોથી પારગમનની ઘટના જોવા માટેનાં ઉપકરણો બનાવી અને આ અવિસ્મરણીય ઘટના જોવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૦૦ વર્ષમાં ફકત ૧૩ વખત જ બનતી આ ઘટનાને કુલ ૧૯૦૦ થી વધારે લોકોએ નિહાળી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાવનગર એસ્ટ્રોનોમી કલબના વોલન્ટીયર્સ, સુભાષભાઈ મહેતા, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમના અંતે તમામ લોકોનો સહકાર આપવા બદલ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ એ આભાર વ્યકત કરેલ.

હ. જોષી
(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.